**A4 પેપર, આગળ-પાછળ પ્રિન્ટ, ચોક્કસ ફોન્ટ અને કોમ્પ્યુટરાઇઝ્ડ અરજીના નિયમો સામે વકીલોમાં રોષ; કોર્ટ કામગીરીથી અળગા રહ્યા**

# ગુજરાત હાઈકોર્ટના નવા પરિપત્ર સામે વકીલોનો વિરોધ યથાવત

## વાઘોડિયા બાર એસો.ના વકીલ મંડળ કોર્ટ કામગીરીથી અડગા રહ્યા



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 7

નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કોર્ટમાં રજૂ થતી અરજીઓ માટે A4 સાઈઝના પેપર પર આગળ-પાછળ પ્રિન્ટ, નિર્ધારિત ફોન્ટ અને ફોન્ટ સાઈઝ તેમજ કોમ્પ્યુટરાઈઝ્ડ અરજી ફરજિયાત બનાવતો પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. આ પરિપત્રનો અમલ 1 ઓગસ્ટ, 2026થી શરૂ થતાં રાજ્યભરના વકીલોમાં અસંતોષ ફેલાયો છે. વકીલોનું માનવું છે કે આ નિયમો વ્યવહારિક કરતાં વધુ જટિલ છે અને રોજિંદી કોર્ટ કાર્યવાહીમાં અનેક મુશ્કેલીઓ ઊભી કરશે.

આ મુદ્દે વાઘોડિયા બાર એસોસિયેશને તાત્કાલિક બેઠક બોલાવી સર્વાનુમતે ઠરાવ પસાર કરી પરિપત્રનો સખત વિરોધ નોંધાવ્યો હતો. બેઠકમાં ઉપસ્થિત વકીલોએ જણાવ્યું હતું કે કોર્ટની કાર્યવાહી દરમિયાન મુદત માફી, હાજરી માફી, પુરસીસ, જામીનના સોગંદનામા, બોન્ડ તેમજ અન્ય તાત્કાલિક અરજીઓ ઘણી વખત સ્થળ પર જ તૈયાર કરી રજૂ કરવાની ફરજ પડતી હોય છે. નવા નિયમો મુજબ આવી અરજીઓ નિર્ધારિત ફોન્ટ અને ફોર્મેટમાં તાત્કાલિક ટાઈપ કરી રજૂ કરવી વ્યવહારુ નહીં રહે, જેના કારણે કોર્ટની કામગીરીમાં વિલંબ થવાની પૂરી શક્યતા છે.

વકીલોના મતે ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ અનેક વકીલો પાસે દરેક સમયે કોમ્પ્યુટર, પ્રિન્ટર અને જરૂરી ટેકનિકલ સુવિધાઓ ઉપલબ્ધ નથી. ઈન્ટરનેટ અથવા વીજળીની સમસ્યા સર્જાય તો તાત્કાલિક અરજી દાખલ કરવામાં પણ મુશ્કેલી પડી શકે છે. ઉપરાંત, કોર્ટમાં અચાનક ઊભી થતી પરિસ્થિતિમાં હાથેથી અરજી રજૂ કરવાની પરંપરા વર્ષોથી ચાલતી આવી છે, જેને નવા નિયમો અસર કરશે. આ નિર્ણયથી સામાન્ય પક્ષકારોને પણ અનાવશ્યક ખર્ચ અને સમયનો બોજ સહન કરવો પડી શકે તેવી ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

## ડભોઈ વકીલ મંડળે હાઇકોર્ટના નવા પરિપત્ર નકલની હોળી કરી




(પ્રતિનિધિ) ડભોઈ, તા. 7

ડભોઈ વકીલ મંડળ ધ્વારા હાઈકોર્ટ ના કાગળ ફોન્ટ ના પરિપત્ર સામે સર્વાનુમતે ઠરાવ પસાર કરી સ્થાનિક કોર્ટ થી માંડી ને હાઈકોર્ટ સુધી વિરોધ નોંધાવતી લેખિત મોકલી આપી છે.જ્યારે નિર્ણય પાછો નહીં ખેંચાય ત્યાં સુધી કોર્ટ કાર્યવાહી થી દૂર રહેવા અને જરૂર પડ્યે જલદ આંદોલન કરવાની પણ ચીમકી આપી છે.

ગુજરાત હાઈકોર્ટ ધ્વારા નવો નિયમ લાગુ કરવાનો આદેશ કરાયો છે.જેમાં હવેથી કોર્ટ ની તમામ અરજીઓ અને દસ્તાવેજો ફરજિયાત A4 સાઈઝ ના કાગળો પર જ તૈયાર કરવાના રહેશે.કાગળ ની ડાબી અને જમણી બાજુ 4 - 4 cm તથા ઉપર અને નીચે ની બાજુ 2 - 2 cm નુ માર્જિન રાખવાનું રહેશે.આ ઉપરાંત ચોક્કસ નિર્ધારિત ફોન્ટ અને લિપી નો ઉપયોગ કરવાની શરત મુકવામાં આવી છે.જેથી ડભોઈ વકીલ મંડળ ના સિનિયર વકીલો જેમા પી.જે.શાહ, એલ.જી.પટેલ જાવેદભાઈ પઠાણ, આર.બી. ભટ્ટ, સઈદ ભાઈ બેલીમ, ડી.આર.શાહ, સાજીદભાઈ સિંધી, ભાસ્કરભાઈ પાઠક, એલ.સી.પટેલ જેવા સિનિયર વકીલોની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં ભેગા થઈ વકીલો એ આ આદેશ સામે ઉગ્ર વિરોધ કરી આદેશ ની હોળી કરી હતી.

કારણ કે કોર્ટ માં મુદતે ગેર હાજર રહેનાર અસીલ નો તાત્કાલિક રિપોર્ટ મુકવા, જામીન અરજી મુકવા અને જેવી બાબતો માં પણ મુશ્કેલીઓ ઊભી થવાની શક્યતા રહેલી હોવાનું માની રહ્યા છે.ત્યારે સરળ પ્રક્રિયા ને જટિલતા આપી પેટ ચોળી પીડા ઊભી કરવાનું કર્યું હોય તેમ લાગતા વકીલો એ અચોક્કસ મુદત ની હડતાળ નું શસ્ત્ર ઉગામ્યું છે. તેમ છતાં જો આદેશ પાછો નહીં લેવાય તો જલદ આંદોલન કરવાની ચીમકી પણ આપી છે. આ હડતાલના કારણે ડભોઈ કોર્ટોમાં કેસોની નિયમિત કાર્યવાહી પર અસર જોવા મળશે.

## "લડેંગે જીતેંગે"ના નારા સાથે કોર્ટની નિયમિત કામગીરીનો બોડેલીના વકીલોનો બહિષ્કાર




(પ્રતિનિધિ) બોડેલી , તા. 7

છોટાઉદેપુર જિલ્લામાં બોડેલી બાર એસોસિએશનના વકીલોએ ગુજરાત હાઈકોર્ટ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા પરિપત્રના વિરોધમાં અચોક્કસ મુદ્દતની હડતાલ શરૂ કરી છે. હડતાલના પ્રથમ દિવસે વકીલોએ હાથ પર કાળી પટ્ટી બાંધી વિરોધ નોંધાવ્યો હતો તેમજ "લડેંગે જીતેંગે"ના નારા સાથે કોર્ટની નિયમિત કામગીરીનો બહિષ્કાર કર્યો હતો.

હાઈકોર્ટ દ્વારા કોર્ટમાં રજૂ થતી અરજીઓ માટે A4 સાઈઝના પેપરનો ફરજિયાત ઉપયોગ, નક્કી કરાયેલા ફોન્ટ અને ફોર્મેટમાં ટાઈપિંગ કરવાની શરત તેમજ હસ્તલેખિત અરજીઓ સ્વીકારવાની પ્રથા બંધ કરવા સહિતના નિયમો અમલમાં મૂકવામાં આવ્યા છે. આ નિયમો સામાન્ય નાગરિકો, ગ્રામ્ય વિસ્તારોના અરજદારો તેમજ વકીલો માટે મુશ્કેલીરૂપ બનશે તેવી દલીલ સાથે બાર એસોસિએશન દ્વારા તેનો વિરોધ કરવામાં આવી રહ્યો છે.

વકીલોનું કહેવું છે કે ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ અનેક અરજદારો પાસે જરૂરી ટાઈપિંગ અને પ્રિન્ટિંગની સુવિધા ઉપલબ્ધ નથી. આવા સંજોગોમાં હસ્તલેખિત અરજીઓ સ્વીકારવાની પ્રથા બંધ કરવાથી સામાન્ય લોકોને ન્યાય મેળવવામાં મુશ્કેલી પડી શકે છે. નવા નિયમોના કારણે કેસોની કાર્યવાહી પણ વિલંબિત થવાની શક્યતા હોવાનું વકીલોએ જણાવ્યું હતું.

બોડેલી બાર એસોસિએશનના હોદ્દેદારો અને સભ્યોએ જણાવ્યું હતું કે હાઈકોર્ટ દ્વારા પરિપત્ર પરત ખેંચવામાં નહીં આવે અથવા તેમાં યોગ્ય ફેરફાર કરવામાં નહીં આવે ત્યાં સુધી અચોક્કસ મુદતની હડતાલ ચાલુ રહેશે. આંદોલન દરમિયાન વકીલો કોર્ટની કામગીરીથી દૂર રહી વિરોધ પ્રદર્શન કરશે.આ હડતાલના કારણે બોડેલી કોર્ટોમાં કેસોની નિયમિત કાર્યવાહી પર અસર જોવા મળશે. પક્ષકારોને તારીખો પડવાની તેમજ અન્ય કોર્ટકામમાં વિલંબ થવાની શક્યતા હોવાથી અરજદારોમાં પણ ચિંતાનો માહોલ સર્જાયો.

---

**રૂ.૧.૧૦ કરોડના સોલાર પ્રોજેક્ટને મંજૂરી, રૂ. ૭૭ લાખના કેટલ પાઉન્ડનું આયોજન**

# પાદરા નગરપાલિકાની કારોબારી સમિતિની પ્રથમ બેઠકમાં વિકાસલક્ષી ઠરાવો મંજૂર

(પ્રતિનિધિ) પાદરા, તા.7

પાદરા નગરપાલિકાની નવી ચૂંટાયેલી કારોબારી સમિતિની પ્રથમ બેઠક કારોબારી સમિતિના ચેરમેન સંતોષભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી. બેઠકમાં શહેરના વિકાસ અને નગરજનોને વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે અનેક મહત્વપૂર્ણ ઠરાવો મંજૂર કરવામાં આવ્યા હતા. સભાની શરૂઆતમાં અગાઉની બેઠકના પ્રોસિડિંગનું વંચાણ કરી તેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

ત્યારબાદ વિવિધ શાખાઓના ઉપયોગ માટે તેમજ વર્ષ 2026-27ના હિસાબી વર્ષ માટે જરૂરી વાર્ષિક ભાવો (Annual Rates) ખોલવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



બેઠકમાં પાદરા નગરપાલિકા હદ વિસ્તારમાં કુલ 8 સ્થળોએ સોલાર પેનલ સ્થાપિત કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અંદાજે રૂ. 1.10 કરોડના ખર્ચે આ કામગીરી હાથ ધરાશે, જેના કારણે નગરપાલિકાના વીજબીલના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે અને ઊર્જા બચત સાથે પર્યાવરણને અનુકૂળ વ્યવસ્થા ઊભી થશે. આ આયોજનને કારોબારી સમિતિના ચેરમેન સંતોષભાઈ પટેલ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી.

શહેરની શિક્ષણ વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને પાલિકા સંચાલિત શાળાઓમાં વિદ્યાર્થીઓને સરળતાથી પીવાનું સ્વચ્છ પાણી મળી રહે તેમજ ટોયલેટ બ્લોકમાં નિયમિત પાણીની સુવિધા ઉપલબ્ધ રહે તે માટે જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની પણ મંજૂરી આપવામાં આવી હતી.

આ ઉપરાંત પાદરાના કંટાળીયા તળાવ નજીક નવું પંપિંગ સ્ટેશન બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામગીરીને સરળ બનાવવા માટે સદર સ્થળના સંબંધિત સર્વે નંબરોમાં થયેલા દબાણો દૂર કરવા દબાણકર્તાઓને નોટિસ પાઠવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

નગરમાં રખડતા ઢોરની સમસ્યાના નિવારણ માટે પણ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો. રૂ. 77 લાખના ખર્ચે જાડેજા વિસ્તારમાં નગરપાલિકાની હદમાં રખડતા ઢોરને રાખવા અને તેમની જાળવણી માટે આધુનિક ડબ્બો (કેટલ પાઉન્ડ) બનાવવાનું આયોજન મંજૂર કરવામાં આવ્યું હતું.

## તલાટી કમ મંત્રીનો વાઘોડિયા તાલુકા પંચાયત ખાતે વિદાય સમારોહ યોજાયો



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.7

વાઘોડિયા તાલુકાના કામરોલ ગ્રામ પંચાયતમાંના તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા મનોજભાઈ શાહની વય નિવૃત્તિ થતા વાઘોડિયા તાલુકા પંચાયત કચેરી ખાતે તલાટી મંડળ દ્વારા વિદાય સમારોહ યોજ્યો હતો. આ કાર્યક્રમમાં તાલુકા વિકાસ અધિકારી, વાઘોડીયા તલાટી મંડળના તમામ સભ્યો સહિત તાલુકા પંચાયત કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. હાજર મહેમાનોએ નિવૃત્તિ લઈ રહેલા તલાટી મનોજભાઈ શાહની યાદોને વાગોળી હતી. મનોજ ભાઈને ફૂલહાર તેમજ મોમેન્ટો આપી સન્માન કર્યું હતું, સાથેજ સુખમય, ભક્તિ પૂર્ણ જીવન સ્વસ્થ સ્વાસ્થ્ય સાથે પરિવાર સાથે ગુજારે તેવી શુભકામના પાઠવી હતી.

**વડોદરા ગ્રામ્ય પોલીસની જિલ્લામાં ઐતિહાસિક કાર્યવાહી**

# શિનોરના હની ટ્રેપ કેસમાં આરોપીની મિલકત જપ્ત કરવાનો કોર્ટનો હુકમ

(પ્રતિનિધિ) શિનોર, તા.7

વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા શિનોર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચર્ચાસ્પદ હની ટ્રેપ અને છેતરપિંડીના કેસમાં વધુ એક મહત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શિનોર નામદાર કોર્ટે આરોપી દ્વારા ગેરકાયદેસર આવકમાંથી ખરીદવામાં આવેલી સ્થાવર મિલકત જપ્ત કરવાનો હુકમ કર્યો છે.

મળતી માહિતી મુજબ, ફરિયાદી હરેશભાઈ પટેલ પાસેથી આરોપીઓએ અલગ-અલગ સમય અને સ્થળે ટુકડે-ટુકડે મળી કુલ રૂ. 75,75,550 પડાવી લીધા હોવાના આક્ષેપ સાથે શિનોર પોલીસ સ્ટેશનમાં હની ટ્રેપ અને છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો.



વડોદરા જિલ્લા પોલીસ વડા સુશીલ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ શિનોર પોલીસ સ્ટેશનના PI આર.આર.વસાવાએ હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ પુરાવાઓના આધારે વિશેષ ટીમ બનાવી આરોપીઓને શોધી કાઢી તેમની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

તપાસ દરમિયાન આરોપીએ પોતાના પરિવારના સભ્યોના નામે સ્થાવર અને જંગમ મિલકતો ખરીદી હોવાનું સામે આવ્યું હતું. જેના આધારે વડોદરા ગ્રામ્ય પોલીસે કોર્ટ સમક્ષ મિલકત જપ્ત કરવાની દરખાસ્ત રજૂ કરી હતી.

કોર્ટ દ્વારા આરોપીને કાયદા મુજબ પોતાની મિલકત કાયદેસરની આવકમાંથી ખરીદેલી હોવાનું સાબિત કરવાની તક આપવામાં આવી હતી. જોકે આરોપી તે સાબિત કરવામાં નિષ્ફળ રહેતા શિનોર કોર્ટ દ્વારા બી.એન.એસ.એસ.2023 ની કલમ 107 હેઠળ ભરૂચ જિલ્લાના પાલેજ ખાતે સાલેહ-૨ સોસાયટીમાં આવેલી બ્લોક સર્વે નં.148,સિટી સર્વે નં .749 / 122 ,પ્લોટ નં.361 ક્ષેત્રફળ - 42.50 ચો.મીટર મિલકત નં.5811, ની જપ્તી કાર્યવાહી કરવા મંજૂરી આપવામાં આવી છે.

---

# ડભોઈના કંસારા બજારમાંથી તગારું ઉઠાવનાર તસ્કરો ઝડપાયા

**CCTV અને હ્યુમન સોર્સના આધારે ભેદ ઉકેલાયો**

(પ્રતિનિધિ) 13215, તા. 7

ડભોઈના કંસારા બજાર માંથી વહેલી સવારે પશુઓ ને પીવા માટે પાણી ભરેલ પિત્તળ નું તગારું ઉઠાવી તસ્કર ફરાર થઈ ગયો હતો.જે બાદ માં તગારા ને કાપડ માં લપેટી ને રતનપુર ખાતે ભંગાર ના વેપારી પાસે વેચી આવ્યા હતા.સી.સી.ટી.વી. ફૂટેજ અને હ્યુમન સોર્સ આધારે ડભોઇ પોલીસે બે ઈસમો ને ઝડપી ચોરીનો મુદ્દામાલ રાખનાર વેપારી પાસે થી કબ્જે કરી ફરિયાદ વિના નિરાકરણ આણ્યું હતું.

ડભોઈ ના કંસારા બજાર માં આવેલ રમણલાલ કંસારા ની



વાસણો ની દુકાન આગળ થી વહેલી સવારે પિત્તળ નું તગારું ઉઠાવી તસ્કર ફરાર થઈ ગયો હતો.જે દિશા માં તસ્કર ભાગ્યો હતો તે દિશામાં તપાસ કરતા સી.સી.ટી.વી. ફૂટેજ માં આગળ બીજો સાથીદાર મોટર સાયકલ પર તેને તગારા સાથે બેસાડી જતો દેખાયો હતો.જેથી બંને ની ઓળખ કરતા હસન અને ફૈઝાન નામના ઈસમો હોવાનું ફલિત થયું હતું.જેઓની ઝડપી પાડી પૂછતાછ કરતા પિત્તળ નું તગારું રતનપુર પાસે ભંગાર ના વેપારી ને રૂપિયા 4000 માં વેચી દીધેલ હોવાની કબૂલાત કરી હતી.

## ડભોઈમાં દશામાના વ્રતની ઉજવણી કરવા શ્રદ્ધાળુઓમાં થનગનાટ



(પ્રતિનિધિ) ડભોઇ, તા.7

ડભોઇ એટલે ઉત્સવ પ્રિય દર્ભાવતિ સંસ્કારી નગરી તરીકે વર્ષોથી ઓળખાય છે. સંસ્કારી આ દર્ભાવતિ નગરીમાં અષાઢ વદ અમાસ ને તા.૧૨ ના રોજ દશામાના વ્રતનો પ્રારંભ થશે. ડભોઇ નગર તેમજ તાલુકામાં ઠેર-ઠેર માં દશામાની ભક્તિભાવપૂર્વક વાજતે-ગાજતે સ્થાપના કરવામાં આવશે. નગરીના ભાવિક ભક્તજનો અત્યારથી જ તેની તૈયારીઓ કરવામાં લાગી ગયા છે. નગરના માર્ગો ઉપર માં દશામાની શ્રદ્ધા પૂર્વક શોભાયાત્રાના સ્વરુપે મૂર્તિ લાવી સ્થાપના કરવામાં આવશે. ડભોઇ દર્ભાવતિ નગરી તેમજ તાલુકામાં ઠેર-ઠેર વિવિધ સ્થળો પર મા દશામાની ભક્તિભાવપૂર્વક સ્થાપના કરવામાં આવશે.

# બોડેલીની ખત્રી વિદ્યાલયે જિલ્લા વોલીબોલમાં પ્રથમ સ્થાન મેળવ્યુ

(પ્રતિનિધિ) બોડેલી, તા. 7

શાળાકીય રમતો 2026-27 અંતર્ગત છોટાઉદેપુર જિલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધાનું આયોજન બોડેલી ખાતે આવેલ ખત્રી વિદ્યાલયમાં કરવામાં આવ્યું હતું. ભાઈઓ અને બહેનોની વિવિધ વયજૂથની આ સ્પર્ધામાં જિલ્લામાંથી કુલ 28 ટીમોએ ભાગ લીધો હતો.

જિલ્લા કક્ષાની સ્પર્ધામાં પણ ખત્રી વિદ્યાલય બોડેલીના ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું હતું. કુલ છ વિભાગમાંથી ચાર વિભાગમાં ખત્રી વિદ્યાલયની ટીમોએ પ્રથમ સ્થાન મેળવી જિલ્લા કક્ષાએ દબદબો જમાવ્યો હતો. બહેનોના વિભાગમાં અંડર-14માં નસવાડીની ટીમ વિજેતા બની હતી, જ્યારે અંડર-17માં ખત્રી વિદ્યાલય બોડેલી અને અંડર-19માં છોટાઉદેપુર



મોડેલ સ્કૂલની ટીમ વિજેતા બની હતી. જ્યારે ભાઈઓના વિભાગમાં અંડર-14, અંડર-17 અને અંડર-19 એમ ત્રણેય વયજૂથમાં ખત્રી વિદ્યાલય બોડેલીની ટીમોએ પ્રથમ સ્થાન મેળવી હેટ્રિક નોંધાવી હતી.

સ્પર્ધામાં વિજેતા બનેલી તમામ ટીમો હવે આગામી રાજ્યકક્ષાની સ્પર્ધામાં છોટાઉદેપુર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. ખત્રી વિદ્યાલયના વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ શાળાના આચાર્યશ્રી યુ. વાય. ટપલા તથા ટ્રસ્ટી મંડળ દ્વારા વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવી રાજ્યકક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

## ચૂંટણી અને વસતી ગણતરીનું બાકી મહેનતાણું ચૂકવવા શૈક્ષિક મહાસંઘની માંગ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.7

છોટાઉદેપુર જિલ્લા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દ્વારા જિલ્લાના પ્રાથમિક શિક્ષકો અને અન્ય કર્મચારીઓના પડતર પ્રશ્નો તેમજ બાકી નીકળતા ભથ્થાં અંગે કલેક્ટર કચેરી તથા સંબંધિત વિભાગોમાં લેખિત રજૂઆતો કરવામાં આવી છે. સંઘ દ્વારા કરવામાં આવેલી રજૂઆ તોમાં જણાવ્યા અનુસાર, જિલ્લાના પ્રાથમિક શિક્ષકોએ વસતી ગણતરીની કામગીરી પૂર્ણ નિષ્ઠા, જવાબદારી અને સમયમર્યાદામાં પૂર્ણ કરી છે. તેમ છતાં, ગણતરીદારો, સુપરવાઈઝર, માસ્ટર ટ્રેનર્સ (MTS) તેમજ તાલીમ મેળવનાર શિક્ષકોનું મહેનતા ણું અને ભથ્થું હજુ સુધી ચૂકવવામાં આવ્યું નથી.આ ઉપરાંત, તાજેતરમાં યોજાયેલી તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓમાં પોલિંગ સ્ટાફનું મહેનતાણું ચૂકવાઈ ગયું છે કે તેની પ્રક્રિયા ચાલુ છે.

# શિનોર બજાર સમિતિમાં નિયમોની અવગણા કરાઈ હોવાનો આક્ષેપે

(પ્રતિનિધિ) શિનોર, તા. 7

શિનોર કૃષિ ઉપજ બજાર સમિતિના નવા પ્રમુખ તરીકે મુકેશ પટેલની બિનહરીફ વરણી થયા બાદ તેમના અધ્યક્ષસ્થાને પ્રથમ સામાન્ય સભા યોજાઈ હતી. જોકે, સભાની શરૂઆતમાં નિયમ મુજબ ઉપપ્રમુખની વરણી કરવાના બદલે 15 મુદ્દાનો એજન્ડા રજૂ કરાતા બેઠક વિવાદાસ્પદ બની હતી. બજાર સમિતિના કેટલાક સભ્યોએ આ મુદ્દે વિરોધ નોંધાવી નિયમોની અવગણના થઈ હોવાનો આક્ષેપ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે જિલ્લા રજિસ્ટ્રાર, વડોદરાના અધ્યક્ષસ્થાને 11 જુલાઈ, 2026ના રોજ યોજાયેલી બેઠકમાં એકમાત્ર એજન્ડા મુજબ મુકેશ પટેલની પ્રમુખ તરીકે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. ત્યારબાદ



6 ઓગસ્ટે યોજાયેલી પ્રથમ સામાન્ય સભામાં ઉપપ્રમુખની પસંદગીના બદલે અન્ય વહીવટી અને વિકાસલક્ષી મુદ્દાઓ ચર્ચા માટે મૂકવામાં આવ્યા હતા.

સભામાં કુલ 19માંથી 16 સભ્યો હાજર રહ્યા હતા. બે સરકારી સભ્યો તથા એક સભ્યના અવસાનને કારણે ત્રણ સભ્યો ગેરહાજર રહ્યા હતા. બેઠક દરમિયાન બજાર સમિતિની આવક વધારવા કરતાં ખર્ચમાં વધારો થાય તેવી દરખાસ્તો ચર્ચામાં આવતાં નવ સભ્યોએ તેનો વિરોધ કર્યો હતો.